ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

ઉનાળુ કાકડીની માર્કેટમાં આવક વધી સ્વાસ્થ્ય માટે કાકડી ખૂબ લાભદાયી

ઉનાળામાં ભોજનમાં કાકડીનું સલાડ દૈનિક ખવાતું હોય છે

ગાંધીનગર, તા.૧૧

શહેર માં ગરમી નો પારો વધી રહ્યો છે ત્યારે ગરમી થી રાહત મેળવવા માટે શહેરીજનો એ કાકડી નુ સેવન વધારી દીધું છે ભોજન માં સલાડમાં દરરોજ કાકડી ખાવામાં આવી રહી છે.બજારો માં પણ કાકડી ની આવક ખૂબ જોવા મળી રહી છે.હવે બજારોમાં શિયાળુ ફાળો ની વિદાય અને ઉનાળુ ફળોની આવક વધી રહી છે.જેમાં શાકભાજી અને ફળો ના ભાવ મોંઘા થયા છે.

ઉનાળાની મોસમ હવે તીવ્ર થઈ રહી છે ત્યારે કાકડી ખાવાના ફાયદા જાણી લેવાની જરૂર છે. આ મોસમમાં કાકડીનું દરેક રૂપમાં સેવન કરવાથી આરોગ્યના અનેક ફાયદા મળે છે. કાકડીમાં ૯૫ ટકા પાણી અને પાંચ ટકા ફાઈબર રહેલું છે. તેથી કાકડી શરીરને હાઈડ્રેટ કરવામાં મદદરૂપ થાય છે. કાકડી ખાઈને શરીરને પાતળું રાખી શકાય છે, કારણ કે એમાં કેલરીની માત્રા નહિવત્ છે. કાકડીની છાલમાં ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોય છે. શારીરિક તંદુરસ્તી માટે અનેક પ્રકારના સલાડ ખાવાનું સલાહભર્યું છે. જે સલાડમાં કાકડી ન હોય એ સલાડ અધૂરું ગણાય, પછી એ હોટલ હોય કે ઘર. શરીરની અનેક તકલીફો દૂર કરવા માટે કાકડી રામબાણ ઉપાય છે. કાકડીમાં વિટામીન-એ, પોટેશિયમ, ફોસ્ફરસ, લોહતત્વ જેવા અનેક પ્રકારના પોષક તત્વો ભરપૂર માત્રામાં રહેલા છે. કાકડીમાં ઈરેપ્સિન નામનું એક એન્ઝાઈમ પણ છે જે શરીરમાં પ્રોટિનને પચાવવામાં મદદરૂપ થાય છે નિયમિત કાકડી ખાવાથી મેમરી લોસ (સ્મરણશક્તિ ઘટી જવાની) તકલીફ ઊભી થતી નથી. ઉંમર વધે તેમ લોકોને સાંધાના દુખાવાની ફરિયાદ વધે છે. એ વખતે ગાજરની સાથે કાકડીનું સેવન કરવાથી સાંધાની પીડા ઘટે છે. કાકડીમાં રેસાં હોવાથી એનું નિયમિત સેવન કરવાથી કેન્સરનું જોખમ પણ ઘણુંખરું ઘટે છે. શરીરમાં વધી ગયેલા કોલેસ્ટરોલનું પ્રમાણ ઘટાડવાનો પણ કાકડીમાં ગુણ છે. કાકડીનો રસ કિડનીની તંદુરસ્તી માટે ઉત્તમ છે. કાકડીમાં કેલરીનું પ્રમાણ ઓછું અને પાણીનું પ્રમાણ વધારે હોય છે. દરરોજ રાતે સૂતા પહેલાં કાકડીનો એક ગ્લાસ જ્યૂસ પીવાથી શરીરમાં વધી ગયેલી ચરબી ઘટે છે. રોજ કાકડી ખાવાથી ઉનાળામાં ગરમી લાગતી નથી. આ ઉપરાંત કાકડી ખાવાથી પાણીની તરસ પણ છીપાય છે. કાકડીનો જ્યૂસ બનાવી પીવાથી શરીરમાંથી ઝેરી તત્વો બહાર નીકળે છે. કાકડીમાં પોટેશિયમ હોય છે જે હાઈ બીપીના રોગી માટે ફાયદાકારક હોય છે. કાકડીનું સેવન કરવાથી શુગરનું સ્તર કંટ્રોલમાં રહે છે. કાકડીનું સેવન કરવાથી અનેક લાભ થાય છે. કાકડીનું સેવન કરવાથી અનેક સીઝનલ બીમારીઓથી શરીર બચી જાય છે. કાકડીમાં વિટામિન, કેલ્શિયમ, આયોડિન અને ફાઈબર જેવા પોષક તત્વ હોય છે. ગરમીમાં માથાનો દુખાવો થતો હોય છે અને વ્યક્તિના સ્વભાવમાં ચિડીયાપણું આવી જાય છે. આ સમસ્યા કાકડીનું સેવન કરવાથી દૂર થાય છે. તેનાથી શરીરને ઠંડક પણ મળે છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર નવા સત્રથી ચિલ્ડ્રન સાયન્ટીસ્ટ કોર્સ શરૂ કરશે

ગાંધીનગર, તા.૧૧

નવા સત્ર થી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જુનિયર (ધોરણ ૫ થી ૭)અને સિનિયર (ધોરણ ૮ થી ૧૦)ના વિદ્યાર્થીઓ માટે ચિલ્ડ્રન સાયન્ટિસ્ટ કોર્સ શરૂ કરવા જઈ રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને તેમની કક્ષાને અનુરૂપ તેમના અભ્યાસક્રમમાં આવતા વૈજ્ઞાનિક સિદ્ધાંત તો આધારિત પ્રોજેક્ટ,મોડલ કે પ્રવૃત્તિ કરાવવામાં આવશે હાલ દર રવિવારે સાયન્સ ક્લબમાં બાળકો વિજ્ઞાન પ્રયોગો કરવા આવે છે પરંતુ હવેથી આ કાર્યક્રમમાં જોડાનાર બાળકોને આખું વર્ષ અનેક પ્રવૃત્તિ કરવા મળશે.

જેમાં દર રવિવારે તેમના વિજ્ઞાનમાં આવતા પ્રયોગો અને મહિનામાં એકવાર સાયન્સ પ્રોજેક્ટ, ઉનાળુ વેકેશનમાં ૧૫ દિવસનો સાયન્સ વર્કશોપ, જન્માષ્ટમી અને દિવાળી વેકેશનમાં ત્રણ દિવસનો વર્કશોપ આ શિવાય બાળ વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા માર્ગદર્શન, રૂરલ આઈટી અને સ્ટેમ્પ ક્વિઝ,નેશનલ સાયન્સ સેમીનાર ,વિજ્ઞાન મેળા તથા વિજ્ઞાનની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા તૈયારી કરાવવામાં આવશે.

સાયન્સ ક્લબમાં ૧૫૦ જેટલા રસ ધરાવતા વિદ્યાર્થીઓ જોડવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. વધુ વિગત માટે નિસર્ગ સાયન્સ સેન્ટર નો ૧૧ થી ૫ દરમિયાન રૂબરૂમાં કે ૯૪૨૬૬૩૫૨૧૫ નંબર પર ફોન કરી વિગત મેળવી શકાશે.

ઉમ્મીદ ફાઉન્ડેશન દ્વારા નાલંદા લો કોલેજના કાનુન શાખાના વિદ્યાર્થીઓને હાલ ચાલી રહેલ વિધાનસભાની મુલાકાત લઈ બજેટ સત્રમાં વિદ્યાર્થીઓને બજેટ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી અને કાર્યપ્રણાલી અંગે અવગત કરવામાં આવ્યા હતા.

જન્મદિને વધામણી

જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગ્રૂપ)



ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩

દિનેશભાઈ શિવરામભાઈ પરમાર
મો. ૯૯૧૩૫ ૯૮૭૯૪

ભીખુભાઈ બાલાભાઈ કવિ

રીયા ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

તન્વી ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

પરમાર પ્રિતીબેન રીન્કેશકુમાર

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે બીજા શનિવારની રજા હોવાથી ક્રિકેટ રસિયાઓએ ગરમીથી બચવા મેચ જોઈ દિવસ પસાર કર્યો હતો.

● આજે બીજા શનિવારની રજા વચ્ચે વિધાનસભા ગૃહે તેની કામગીરી કરી હતી.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કોલવડાની શાળામાં વિદ્યાર્થીઓને શુભેચ્છા સાથે પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

● ટીચર્સ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ ખાતે શિક્ષકોને બે દિવસીય તાલિમનું આયોજન કરાયુ હતુ.

● જીએસઈસીએસ વર્કિંગ વિમેન એસો. દ્વારા મહિલા દિન નિમિત્તે કાનૂની શિબિરનું આયોજન કરાયુ હતુ.

● કલોલના સાંતેજ ગામે પોલીસે પાંચ શકુનીઓને ઝડપી પાડ્યા છે.

● દહેગામના બહિયલ ગામે છ જુગારીઓને પોલીસે ઝડપી લીધા છે.

● માણસા હોસ્પિટલ આગળ મુકેલી રિક્ષા ગઠિયો ચોરી કરી ફરાર થયો.

● સિદ્ધ યોગ સાધના મંડળ દ્વારા શાહપુરના બાળકોને તિથી ભોજન કરાવવામાં આવ્યુ હતુ.

● જી.૨૦ અંતર્ગત સાદરા વિદ્યાપીઠ ખાતે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી.

● કલોલના ભોંયણ ગામે યુવાન પર હિચકારો હુમલો થયાની ઘટના નોંધાઈ છે.

● દહેગામ પાસે દારૂ ભરેલી ગાડીએ પલ્ટી ખાધી : દારૂની હેરાફેરીમાં ફરી એકવાર બિશ્નોઈ ગેંગનું નામ આવ્યુ.

● મનપાના વોર્ડ નં. ૯ના પ્રમુખનો અમદાવાદ મેચ જોવા ગયા ત્યારે મોબાઈલ ચોરાયાની ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગરના ઉનાવા ગામેથી બે જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે.

● માણસામાં ૮૦૦ ફૂટ કેબલ ચોરી થયાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે.

● કુડાસણમાં એક્ટીવા ચોરીની ફરિયાદ ઈન્ફોસીટી પોલીસમાં નોંધાઈ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાયો હોવાથી વીજ માંગ વધવા પામી છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પેયજળના પુરવઠાની માંગ વધી રહી છે.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી સીટી બસોની અનિયમિતતાને લઈ લોકોમાં રોષની લાગણી જન્મી છે.

૧૮મીએ ''દિશા''ની બેઠક ગાંધીનગરમાં કેન્દ્રીય ગૃહમંત્રીના અધ્યક્ષસ્થાને મળશે

૧૮મીની સૂચિત બેઠકને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભાઈ

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૧૮મી માર્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની અધ્યક્ષતામાં ''દિશા''ની બેઠક મળશે. આ માટેની તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી ૧૮મીએ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે અને આ દિવસે કલોલ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૮મીએ સાંજે અથવા બપોરે ગાંધીનગર સરકીટહાઉસ ખાતે ''દિશા''ની બેઠક યોજાઈ શકે છે. કેન્દ્ર સરકાર પુરસ્કૃત વિવિધ યોજનાઓનું જિલ્લામાં થઈ રહેલ અમલીકરણ અંગે આ બેઠકમાં સમીક્ષા હાથ ધરવામાં આવતી હોય છે. જિલ્લામાં મહત્વના કેન્દ્રના પ્રોજેક્ટ્સની કામગીરી અંગે પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવતી હોય છે. તંત્ર દ્વારા હાલ તો આ સૂચિત બેઠકને લઈ દરેક કચેરીઓને પારવ પોઈંટ પ્રેઝન્ટેશન તૈયાર કરી મોકલી આપવા માટે જણાવવામાં આવ્યુ છે.

ગૃહમંત્રી દ્વારા જિલ્લામાં અટલ ભૂગર્ભ જળ યોજના તેમજ તળાવોના ઈન્ટર લીંકેજ પ્રોજેક્ટ્સને લઈ ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી શકે છે. આ ઉપરાંત મનરેગા, દિલ્હી-અમદાવાદ હાઈસ્પીડ કોરીડોરમાં થયેલી પ્રગતિની પણ સમીક્ષા કરાશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં મોડેલ સહકાર વિલેજ બનાવવા અંગેના પ્રોજેક્ટ્સ અંગે પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. પી.એમ. આવાસ યોજના સહિત જિલ્લામાં બેંકિંગ સેવાઓને પણ સમીક્ષા થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લાતંત્ર દ્વારા હાલ તો આ અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે અને આ માટે આગામી સપ્તાહના આરંભે અધિકારીઓની એક બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

શહેરમાં સ્વચ્છ પાણીનો બગાડ યથાવત

ગાંધીનગર, તા.૧૧

ખ-રોડ, સેકટર-૫ની બાજુમાં વળાંક કટ સામે ફુટપાથની બાજુમાં પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી પાણી લીકેજ થઈ ફુવારા સાથે બહાર રોડ પર વેડફાઈ રહ્યું છે જે પાણીની લાઈન લીકેજને કારણે સપ્લાય થતાં પાણી સાથે માટી અને કાદવ મીક્ષ થવાથી નજીકના રહેઠાણના મકાનોમાં ડહોળુ પાણી તથા ધીમા ફોર્સેથી પાણી આવે છે જેને કારણે જરુરિયાત પ્રમાણે પાણી મળતુ નથી અને રસોડાના નળ સુધી તથા બહાર પાણીની ટાંકી ભરાતી નથી. નવા સેકટરમાં ધીમા ફોર્સેથી પાણી મળે છે.

અત્યારે હાલ ગરમીને કારણે ઉનાળામાં રોગચાળો શરૂ થયેલ છે તથા લીકેજ પાણીની પાઈપ લાઈનમાં માટી કાદવને કારણે પાણીની વપરાશથી પાણીજન્ય રોગચાળો ફાટી નીકળે નહીં તે પહેલાં સેકટર-૫, ખ-રોડ ફુટપાથની બાજુની લીકેજ પાણીની પાઈપ લાઈન મરામત કરવા સંબંધિત તંત્રને કેશરીસિહ બિહોલા પ્રમુખ, ગાધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

જી ૨૦ અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે જી ૨૦ અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જી ૨૦ અને ભારત વિષય પર નિબંધ લેખન કરવામાં આવ્યું હતું. કુલ ૬૩ જેટલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ ક્રમે જીજ્ઞાબેન પંચાલ, બીજા ક્રમે અસ્મિતાબેન રબારી અને ત્રીજા ક્રમે પ્રિતિકાબેન વસાવા અને કિરણ ચૌહાણે પ્રાપ્ત કર્યો હતો. નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ.દિવ્યેશભાઈ ભટ્ટ અને ડૉ.જનમાંબેન વસાવડાએ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયોજક ડૉરાજેન્દ્ર જોશીના માર્ગદર્શન હેઠળ જી-૨૦ના કોઓર્ડીનેટર અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતીભાઈ દેવું દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે સે-૨૮ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે પ્રખ્યાત મસાલા વૈદ્યનો કેમ્પ

ગાંધીનગર, તા.૧૧

એલોપેથી, આયુર્વેદ, હોમીઓપેથી જેવી પેથીઓ દ્વારા દર્દીની બીમારીના લક્ષણો અને દર્દીને શુ થાય છે તે આધારે અપાતી દવાઓ અને તેની આડઅસરના ચુંગાલમાંથી બહાર આવી નાડી તપાસી શરીરના મૂળ રોગને જ દૂર કરવા તથા તેની દવા તરીકે જેની કોઈ જ આડ અસર નથી તેવા આપણા ઘરના રસોડામાં રોજ બરોજ વપરાતા મસાલા જ લેવાનો હવે સમય પાકી ગયો છે. ગુજરાતમાં ખ્યાતનામ નાડી વૈદ્ય નાડી તપાસી મૂળ રોગ માટે દવા તરીકે રસોડાના મસાલા આપતા મુકામ-માસ્ટર, તા-પાદરા, જિલ્લો-વડોદરાના પ્રખ્યાત વૈદ્યરાજ ભ્રાતા ભીખાભાઈ પ્રભાતસિંહના સુપુત્ર વૈદ્યરાજ ભ્રાતા રણજીતસિંહ ભીખાભાઈ નો કેમ્પ બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે રવિવાર, ૧૨ માર્ચના રોજ સાંજે ૪ થી ૬ રાખવામાં આવેલ છે. જેમાં નાડી જોવાનો વ્યક્તિ દીઠ ચાર્જ રૂ.૫૦/- રહેશે. ત્યારબાદ દવા તરીકે આપવામાં આવનાર મસાલાનો ચાર્જ દર્દી દીઠ અલગ અલગ થશે.

વૈદ્યરાજની સારવાર એટલી સચોટ અને અસરકારક છે કે તેની માંગ સમગ્ર ગુજરાતમાં સતત વધવા લાગી છે.

ફળસ્વરૂપ તેમનો કેમ્પ અમદાવાદ, આણંદ, નડિયાદ, ડભોઈ, વડોદરા, રાજપારડી, સુરત, રાજકોટ, મોરબી, વિસનગર ખાતે દર મહિને નિયમિત એક જ વખત રાખવામાં આવી રહેલ છે. બ્રહ્માકુમારીઝ વિધ્યાલયના સાથી-સહયોગી, મોરબી તથા રાજકોટ સમાજ સેવાકેન્દ્ર તથા ઓમશાંતિ સ્કુલના ઠાકરસીભાઈ પટેલના વિશેષ પ્રયત્નથી ગાંધીનગરના સૌ નગરજનો માટે ગાંધીનગરમાં આ ત્રીજો કેમ્પ આયોજિત કરેલ છે. જેમાં માંગ અને સૌના આવકારને ધ્યાને લઈ આ સ્થળે દર બે મહિને બીજા રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કેમ્પ રહેશે.

ડભોડામાં ૮ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ડભોડા પીએસઆઈ એમ.એસ.રાણાના માર્ગદર્શન હેઠળ ટીમના જવાનો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે ડભોડા સધી માતાના વાસ ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખસો જુગારની બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓ માં ભાગદોડ મચી ગઈ હતી. પરંતુ પોલીસે ચોતરફથી કોર્ડન કરી લેતા તેઓ ભાગી શક્યા ન હતા. પોલીસે જુગારીઓની પુછપરછ કરતા તેઓએ પોતાના નામ ઈશ્વરજી બાબુજી ઠાકોર,સંજયભાઈ શકરાજી પરમાર, વિશાલકુમાર દિનેશજી ઠાકોર, ઉપેન્દ્ર જશુજી યાદવ, ચેતન રતનસિંહ પરમાર, દિલિપજી મલાજી સોલંકી , રાજુભાઈ બબાભાઈ પ્રજાપતિ અને વિસતકુમાર તેનાજી સોલંકી (તમામ , રહે. ડભોડા ગામ) હોવાની કબુલાત કરી હતી. જયારે પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફિજીયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓને સારવારની તાલીમ આપતા ડોકટરો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સ્થિત ફિજીયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓને સારવારની તાલીમ ડોકટરો દ્વારા આપવામાં આવી હતી. જયાં ફિજીયોથેરાપી સેન્ટર ખાતે નિઃશુલ્ક ઓપીડી સારવાર આપવામાં આવી હતી. કોલેજના પ્રિન્સીપાલ ડો.મયુર સોલંકીએ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. ઘણા દર્દીઓ આ ઉમદા સેવાનો સેન્ટર થકી લાભ લઈ રહયા છે. જેથી કોલેજના વિદ્યાર્થીઓને સેવા સાથે પ્રેકટિસનો પણ અનુભવ મળી રહે છે.

જીવન આસ્થાની ટીમે કેનાલ પાસે આપઘાત કરવા પહોંચેલા પરિવારનો જીવ બચાવ્યો

ગાંધીનગર,તા.૧૧

અમદાવાદના યુવાને ટામેટાના વેપાર માટે રૂ.૫ હજાર ત્યારબાદ રૂપીયાની જરુર પડતા ટુકડે ટુકડે રૂ.૩૫ હજાર લીધા હતા. આ યુવાન રોજનું રૂ.૭૦૦ વ્યાજ વ્યાજખોરને ચુકવતો હતો. તેમ છતા વ્યાજખોરના ત્રાસથી કંટાળી અમદાવાદનો યુવાન વેપારી પત્ની અને પુત્ર સાથે ગાંધીનગરની સુઘડ નર્મદા કેનાલમાં આપઘાત માટે આવી પહોંચ્યો હતો. પરંતુ જીવન આસ્થાને કોલ કરતા ટીમ પહોંચી જતા આખા પરિવારને બચાવી લઈ પોલીસે પ્રસંશનીય કામગીરી કરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના કૃષ્ણનગર ખાતે રહેતા યુવાનના પરિવારમાં પત્ની અને દિકરો છે. છેલ્લા બે મહિનાથી વેપારી નરોડા થી કૃષ્ણનગર રીક્ષા ચલાવે છે. આઠ માસ પહેલા તે ટામેટાનો વેપાર કરતો હતો.તે સમયે ટામેટાનો માલ ભરવા માટે પૈસાની જરુર પડી હતી. જેથી તેણે કૃષ્ણનગર ખાતે રહેતા અને કરીયાણાની દુકાન ધરાવતા વેપારી પાસેથી રૂ.૫ હજાર વ્યાજે લીધા હતા. રૂ.૫ હજારનું યુવાન રોજ ૧૦૦ રૂપીયા વ્યાજ આપતો હતો. ત્યારબાદ વધુ રૂપીયાની જરુર પડતા યુવકે ટુકડે ટુકડે રૂ.૩૫ હજાર લીધા હતા.જેનુ તે રોજનુ રૂ.૭૦૦ વ્યાજ ચુકવતો હતો. ૬ માસ સુધી તે યુવકે સમયસર વ્યાજ ચુકવ્યું હતું.ત્યારબાદ પરિસ્થિતિ વધુ કઠીન બનતા તે વ્યાજ ચુકવી શક્યો ન હતો. જેથી વ્યાજખોર વેપારી યુવક પરિવારનું ગુજરાન ચલાવવા માટે રીક્ષા ચલાવતો હતો. ત્યારે વ્યાજખોર વેપારી આવી વાંરવાર ઉઘરાણી કરી ત્રાસ આપવા લાગ્યો હતો. જેથી કંટાળી યુવક તેની પત્ની અને દિકરા સાથે ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલ ખાતે પહોંચ્યા હતા. જયાં જીવન આસ્થાનું બોર્ડ વાંચી કોલ કરતા પોલીસે તેની આપવીતી સાંભળી સતત કાઉન્સિલિંગ ચાલુ રાખ્યુ હતું. ટેકનીકલ સર્વેલન્સ દ્વારા યુવકનું લોકેશન મેળવી અડાલજ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ તાત્કાલીક કેનાલ ખાતે પહોંચી ગઈ હતી. આ તરફ યુવક ફોન મુકીને સામુહિક આપઘાત કરવાની તૈયારીમાં હતો. તે સમયે જ પરિવાર પાસે પોલીસની ટીમ પહોંચી ગઈ હતી. બાદમાં તેઓને કૃષ્ણનગર પોલીસને સોંપવામાં આવ્યા હતા. કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક

૬ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

એલસીબી પીઆઈ એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે એએસઆઈ દિલિપસિંહ અને પો.કો. વિરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે ચિલોડા પોલીસના અપહરણના ગુનામાં છેલ્લા ૬ વર્ષના નાસતો ફરતો આરોપી રાજુભાઈ પ્રતાપભાઈ પટેલીયા (રહે. કુંડા ફળીયું, સરજુમી ગામ તા.સિંગવડ,દાહોદ)ને વતન સરજુમી ગામથી પકડી પાડી ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે ગુનાની કબુલાત કરી હતી. જયારે આ ગુનામાં તે નાસતો ફરતો હોવાનું જણાવતા પોલીસે પકડી કાર્યવાહી હાથ ધરી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પ્રજાપતિ કાન્તાબેન ગોવિંદભાઈ** ઉ.વ.૬૯, પાલજ
- **સ્વ.રાવળ આશાબેન ધુળાભાઈ** ઉ.વ.૩૧, પરબતપુરા, માણસા
- **સ્વ.રાવળ કનુભાઈ ડાહયાભાઈ** ઉ.વ.૪૧, પરબતપુરા, માણસા
- **સ્વ.ગુર્જર મધુબેન માધવલાલ** ઉ.વ.૭૮, વાવોલ
- **સ્વ.વણઝારા મોનાજી ફોજાજી** ઉ.વ.૭૯, ધોળાકુવાર
- **સ્વ.પટેલ કૈલાસબેન સુરેશભાઈ** ઉ.વ.૬૦, પેથાપુર